# રેલવેની અંતિમ મંજૂરી મળી ગઈ: સાંઢીયા પુલના નવનિર્માણ આડેનું ગ્રહણ દુર

રાજકોટ: જામનગર રોડથી રાજકોટના મુખ્ય પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલની જગ્યાએ પોણો અબજના ખર્ચે ફોરટ્રેક ફલાય ઓવરનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ રોડનો એસ.ટી. બસ સહિતનો ભારે ટ્રાફિક પણ ૧૫૦ ફુટ રોડ, રૈયા રોડ, કાલાવડ રોડ સહિતના મુખ્ય રાજમાર્ગો પર ડાયવર્ટ થયો હોય, ટ્રાફિક સમસ્યાના કારણે રોજ હજારો વાહન ચાલકો હેરાન થઈ રહ્યા છે.હવે મનપાના અધિકારીઓ નવા બ્રીજ હેઠળ સેન્ટ્રલ પોર્સનમાં ગર્ડર મુકવાની મંજૂરી રેલ્વે પાસે લેવામાં ઢીલા પડતા કમિશ્નર અને ચેરમેન ભારોભાર નારાજ થયા હતા. આ દરમ્યાન હવે રેલવેની મંજૂરી આવી જતા માર્ચના પ્રારંભે આ બ્રીજ ખુલ્લો મુકવાની નવી મુદત સાથેની આશા તંત્રએ વ્યકત કરી છે. ફોરટ્રેક સાંઢીયા પુલની બંન્ને સાઈડનું કામ પૂર્ણ થઈ ગયા બાદ રેલવે ટ્રેક ઉપર ગર્ડર ચઢાવવાનું કામ બાકી છે. હવે આ માટે ત્રણ



દિવસ પહેલા મંજૂરી મળતા ટ્રેનની અવરજવર સિવાયના દિવસોમાં બે-બે કલાકના બ્લોક લઈ ગડર ચઢાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ સંજોગોમાં તંત્ર ફેબ્રુઆરીના અંતે અથવા માર્ચના પ્રારંભે કામ પુરૂ કરશે તેવું માની રહ્યું છે. જામનગર-રાજકોટ હાઈવે ઉપર રાજકોટ શહેરને જોડતા દાયકાઓ જુના સાંઢીયા પુલની સ્થિતિ અસલામત જાહેર થતા નવા કામ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. રેલવેની મંજૂરી બાદ પુલનું કામ રેલનગર ખુણા તરફથી શરૂ કરવામાં આવ્યું હતું. રેલવે ટ્રેક સિવાયના બંન્ને સાઈડના પીલર સહિતનુ કામ થોડા સમય પહેલા પુર્ણ થયું છે.

પરંતુ રેલવે ટ્રેક ઉપર ગર્ડર ચઢાવવાના કામ માટે ટ્રેનનો સમય નિયત કરવો પડે અથવા જે સમયે ટ્રેન પસાર થતી ન હોય તે સમય દરમિયાન ગર્ડરનું કામ થઈ શકે તેમ હોય આ કામ માટે રેલવે વિભાગ પાસે મંજૂરી માંગવામાં આવી હતી.અધિકારીઓના જણાવ્યા મુજબ ગર્ડર ચઢાવવામા માટે ચાર કલાક બ્લોક લેવો પડે તેમ છે. પરંતુ રેલવે વિભાગે સતત ચાર કલાક બ્લોક અશકય છે તેવુ જણાવતા મનપાએ બે-બે કલાકના બે બ્લોકની માંગણી કરી છે.જેમાં પ્રથમ દિવસે બે કલાકના બ્લોક દરમિયાન અને બીજા દિવસે બે કાલકના સમય દરમિયાન ગર્ડર ચઢાવવાની કાર્યવાહી હાથ ધરાશે. જેના માટે એક બે દિવસમાં રેલવે વિભાગ દ્વારા બ્લોકનો સમય ફાળવવામાં આવશે.આમ પણ આ મંજૂરી લેવામાં મોડુ થયું હતું.રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જે જુનો તોડીને નવો બનાવવામાં આવી રહ્યો છે. સાંઢીયા પુલને તોડી પાડવા પણ રેલવે વિભાગ શરતોને આધીન મંજૂરી આપી હતી. ડાયમંડ કટીગ પધ્ધતીથી આ કામ શરૂ કર્યુ હતું.

બ્રીજની ડિઝાઈનમાં ફેરફાર પણ કરવા પડયા હતા. આ સહિતના કારણોથી સમય બગડયો હતો. રેલ્વેની છેલ્લી મંજૂરી લેવામાં પણ વિલંબ થયો હતો. હવે આવતા સપ્તાહે મુખ્ય ગર્ડરનું કામ શરૂ થઈ જાય તેમ છે.

# ચાંદીમાં ૧૦ જ દિ'માં ૧ લાખ વધી ગયા : એક માસમાં "ડબલ"!

## કોમોડીટી વાયદામાં સોના-ચાંદીને બદલે 'કોપર'નો ટ્રેન્ડઃ ધૂમ વોલ્યુમ

રાજકોટઃસોના-ચાંદીના ભાવોમાં અસામાન્ય તેજીએ રેકોર્ડની ભરમાર સર્જી છે રોજે રોજ નવા નવા ઉંચા ભાવ જોવા મળી રહ્યા છે. વર્તમાન તેજી કેટલી અભૂતપૂર્વ છે તેનો અંદાજ તે વાત પરથી મળી જાય છે કે છેલ્લા ૧૦ જ દિવસમાં ચાંદીમાં એક લાખ રૂપિયાની તેજી થઈ છે. જ્યારે છેલ્લા એક મહિનામાં ભાવ ડબલ થઈ ગયા છે. આ જ રીતે સોનામાં છેલ્લા એક મહિનામાં ૫૦ હજાર રુપિયાનો ભાવ વધારો થઈ ગયો છે.

સોના અને ચાંદી બંનેમાં આજે જોરદાર અને એક દિવસનો રેકોર્ડતોડ ભાવવધારો થયો હતો કોમોડીટી એક્સચેંજમાં આજે ચાંદીનો ભાવ ઉંચામાં ૪૦૯૮૦૦ થયો હતો. આ પૂર્વે ૧૯ જાન્યુઆરીએ ચાંદીનો ભાવ ૩ લાખ હતો.આમ દસ જ દિવસમાં એક લાખ રુપિયાનો ભાવવધારો થયો છે. આ જ રીતે ચાંદીનો ભાવ ૧૭ ડિસેમ્બરે બે લાખ હતો આમ એક મહિનામાં જ ભાવ ડબલ થઈ ગયો છે. માત્ર ૧૦ જ દિવસમાં એક લાખ રુપિયાનો ઉછાળો ઐતિહાસિક રેકોર્ડ બન્યો છે.હાજર ચાંદીની ગણતરી કરવામાં આવે તો ૧૯ ડિસેમ્બરે ભાવ ૩૦૩૫૦૦ હતો સોનામાં પણ સમાન હાલત છે. ૧૯ જાન્યુઆરીએ ભાવ



૧.૪૮ લાખ તથા ૧૯ ડિસેમ્બરે ભાવ ૧.૩૬ લાખ હતો જે આજે ઉંચામાં ૧.૯૦ લાખ સુધી પહોંચી ગયો હતો. આમ છેલ્લા એક મહિનામાં અંદાજીત ૫૦ હજાર રુપિયાની તેજી થઈ છે. વિશ્વ બજારની વાત કરવામાં આવે તો આજે ચાંદીનો ભાવ ૧૨૦ ડોલરને વટાવી ગયો હતો. છેલ્લા એક મહિનામાં તેમાં ૫૦ ટકાથી વધુનો ભાવવધારો થયો છે. વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન માલની ખેંચ, યુધ્ધના ભણકારા સહિતના કારણોસર આ તેજી થઈ છે. જાણકારોના કહેવા પ્રમાણે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં કોઈ બદલાવ નહીં કરતાં તેની આજે માર્કેટ પર ઈફેક્ટ જોવા મળી હતી. વ્યાજદરમાં ફેરફાર નહીં કરવાનો નિર્ણય નિષ્ણાંતો સુચક ગણી રહ્યા છે. નાણાંકીય પ્રોડકટના બદલે હવે સોના-ચાંદી જેવી કોમોડીટીમાં રોકાણ કરવાનો ટ્રેન્ડ વધારી રહ્યા છે. નિષ્ણાંતો એવો દાવો કરે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ભૌગોલિક સ્થિતિમાં કોઈ બદલાવ નજરે ચડતો નથી ત્યારે વર્તમાન તેજીનો દોર હજુ વધુ આગળ વધી શકે છે. સોના-ચાંદીની વર્તમાન રેકોર્ડતોડ તેજીમાં ભલભલા વેપારીઓ અને નિષ્ણાંતો પણ થાપ ખાઈ ગયાનું ચિત્ર ઉપસી રહ્યું છે.વર્તમાન તેજી ક્યાં પહોંચશે અને ક્યાં અટકશે તે વિષે કોઈ ચોક્કસ અનુમાન બાંધવા તૈયાર નથી અને માત્ર ટ્રેન્ડ તેજીનો હોય તેવું જ ગણી રહ્યા છે. એક ધારી તેજી વેપાર પણ સ્થંભ જેવા બની ગયા છે અમુક નિષ્ણાંતોએ ચાલુ વર્ષના અંત સુધીમાં ચાંદીનો વૈશ્વિક ભાવ ૨૦૦ ડોલરે પહોંચવાની આગાહી કરવાનું શરુ કરી દીધું છે.

સોના-ચાંદીના ભાવો સામાન્ય વર્ગ માટે ખરીદીની પહોંચની બહાર જ થઈ ગયા છે તેવી જ રીતે કોમોડીટી વાયદા રમતા ટ્રેડરો અને સટ્ટોડીયાઓ હવે વર્તમાન ઉંચા ભાવમાં જોખમ લેવામાં ગભરાટ અનુભવવા લાગ્યા છે. જેને પગલે સોના-ચાંદીના વિકલ્પમાં કોપરમાં વેપાર વધી ગયા છે. કોમોડીટી નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, સોના-ચાંદીની જેમ તમામે તમામ મેટલના ભાવો વધી જ ગયા છે અન્ય મેટલોનો મોટાભાગે ઔદ્યોગિક વપરાશ રહેતો હોવાથી લોકોની નજરમાં નથી પરંતુ તમામ મેટલ મોંઘી થઈ ગઈ છે.

# જંગલેશ્વરમાં ડીમોલીશન થશે જ, દબાણકારોને પુરતો સમય અપાયો છે : કલેકટર

## અનઅધિકૃત રીતે ખડકાયેલા ૧૩૫૮ મકાનોના દબાણોની સાફસુફી માટે કલેકટર તંત્રની તૈયારી

રાજકોટ:રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૨૧ કરોડની સરકારી જમીન પરથી દબાણો હટાવવામાં આવેલ છે. શહેરના જંગલેશ્વર વિસ્તારની ૧.૮૫ લાખ ચો.મીટર જમીન સરકારી સાબીત થતા આ જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા મકાનોના દબાણો ઓપરેશન ડીમોલીશન કરી આગામી સમયમાં હટાવાશે તેમ જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર-જિલ્લામાં કયા, કઈ ગૌચરની અને સરકારી, ખરાબાની જમીન પર દબાણ છે? તે આઈડેન્ટીફાઈ કરી રેવન્યુ અધિકારીઓની ડાયરીમાં નોંધ ટપકાવાશે અને દબાણોની સાફસુફી માટે આ અભિયાન સતત ચાલુ રહેશે.જંગલેશ્વર વિસ્તારના દબાણોના મામલે લીગલ પ્રક્રિયા ફોલો કરવામાં આવી છે. તમામ ૧૩૮૫ મકાનોના દબાણકારોને અગાઉ બે નોટીસ અપાયા બાદ મામલતદાર દ્વારા સુનાવણી હાથ ધરી દબાણકારો પાસેથી જમીનના દસ્તાવેજો માંગવામાં આવેલ હતા. જે બાદ



આખરી ૨૦૨ને નોટીસ આપી મકાનો ખાલી કરવા માટે સમય આપવામાં આવે છે.

આ અંગે દબાણકારોને પુરાવા રજુ કરવા માટે પૂરતો સમય અપાયો છે. જે બાદ ૨૦૨ની આખરી નોટીસ આપવામાં આવી છે તેમ જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવી ઉમેર્યુ હતું કે જીલ્લામાં જયાં જયાં સરકારી અને ગૌચરની જમીનો પર દબાણો ખડકાયા છે જેને હટાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ઓપરેશન ડીમોલીશનની કાર્યવાહી સતત શરૂ રહેશે.અહીં એ ઉલ્લેખનીય છે કે, જંગલેશ્વર વિસ્તારમાં વર્ષોથી સરકારી જમીનો પર ખડકાયેલા દબાણો હટાવવા માટે કલેકટર તંત્ર દ્વારા પૂરતી તૈયારીઓ આરંભી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જીલ્લાના સૌથી મોટા ઓપરેશન ડીમોલીશન માટે જીલ્લાના રેવન્યુ અધિકારીઓનો કાફલો ઉતારવામાં આવનાર હોવાનું પણ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીનો પર ખડકાયેલા દબાણો હટાવવા માટે કલેકટર તંત્રએ તૈયારીઓ શરૂ કરતા દબાણકારોમાં મોટો દેકારો બોલી જવા પામેલ છે. આ અંગે ગઈકાલે પણ અસરગ્રસ્તો દ્વારા શહેરના પૂર્વ મામલતદાર અજમેરા સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી.વહીવટી તંત્રની જંગલેશ્વર વિસ્તારના દબાણો હટાવવાની પેરવી સામે આજે અસરગ્રસ્તોએ જંગલેશ્વર વિસ્તારમાં સુત્રોચ્ચાર કરી વહીવટી તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો.

# શેરી ફેરીયાઓ માટે લોકકલ્યાણ મેળો યોજાયો

## શ્રમજીવીઓને ક્રેડીટ કાર્ડ, નોંધણી સહિતની કામગીરી ઓનલાઈન કરાવી આપતી મનપા

રાજકોટ:પીએમ સ્વનિધી યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીગ છે તેમની અરજીઓના નિકાલ માટે ગઈકાલે પૂર્વ ઝોન કચેરી લોક કલ્યાણ મેળો યોજાયો હતો બાદ આજે પશ્ચિમ ઝોન કચેરી ખાતે મેળો શરૂ થયો છે.



પૂર્વ ઝોન કચેરી ખાતે આ મેળામાં કુલ ૩૩૫ અરજદારોએ હાજરી આપી વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો. મેળામાં ૧૧ બેંકોના સહયોગથી અરજદારોને માર્ગદર્શન તથા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. મેળા દરમિયાન કુલ ૨૭૦ અરજદારોની લોન માટે અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જ્યારે ૭ અરજદારોએ ક્રેડિટ કાર્ડ માટે અરજી કરી હતી. ઉપરાંત, ૧૧ અરજદારોને સરકારની અન્ય વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુસર તેમનું પ્રોફાઈલિંગ કરવામાં આવ્યું હતું.

આ લોક કલ્યાણ મેળામાં યોજનામાં અલગ-અલગ બેંકોમાં પેન્ડીગ રહેલ મહતમ લોન અરજીઓ મંજુર થાય તે માટે તમામ બેંકોનાં અધિકારીઓને કેમ્પમાં હાજર રાખી કેમ્પના સ્થળે જ લોન અરજીઓ મંજુર કરવા માટે આયોજન કરેલ છે.

સાથોસાથ લોન મંજુરી કેમ્પની સાથેજે ફેરિયાઓ લોન લેવા ઈચ્છુક હોય તેવા લાભાર્થીઓ માટેનવી લોન અરજીઓ પણ કેમ્પના સ્થળ ઉપર ઓનલાઈન કરી આપવામાં આવે છે. જે માટે બેન્કો સાથે સંકલન કરાયું છે તેમ પદાધિકારીઓ અને અધિકારીઓએ જણાવ્યું હતું.

# રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં દસ્તાવેજ નોંધણીમાં ૨૫૬૩૨ મહિલાઓની ૫૭.૭૧ કરોડથી વધુની ફી માફ

રાજકોટઃ રાજ્ય સરકારની મહિલા કલ્યાણકારી નીતિના કારણે મિલ્કતોની માલીકીમાં મહીલાઓની ભાગીદારી સતત વધી રહી છે. રાજકોટ શહેર જીલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમ્યાન મિલ્કત દસ્તાવેજ નોંધણીમાં ૨૫૬૩૨ મહિલાઓના નામે ૨૪૧૨૬ દસ્તાવેજોના રજીસ્ટ્રેશન થવા પામેલ છે.જેમાં રૂા.૫૭.૭૧ કરોડથી વધુની દસ્તાવેજ નોંધણી ફી માફીનો લાભ ૨૫૬૩૨ મહિલાઓને રાજ્ય સરકારની ખાસ યોજના અંતર્ગત મળ્યો છે. જેમાં માર્ચ ૨૦૨૫માં સૌથી વધુ ૨૭૩૨ દસ્તાવેજોના રજીસ્ટ્રેશન મહિલાઓના નામે થયા છે.જીલ્લાની આઠ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી માસમાં ૨૦૭૬, ફેબ્રુઆરીમાં ૧૮૪૬, માર્ચમાં ૨૭૩૨, એપ્રિલ માસમાં ૨૧૨૯, મે માં ૨૨૧૨, જુનમાં ૧૭૭૬, જુલાઈમાં ૨૦૩૭, ઓગષ્ટમાં ૧૭૬૯, સપ્ટેમ્બરમાં ૨૦૪૬, ઓકટોબરમાં ૧૬૬૩, નવેમ્બરમાં ૧૭૫૧, અને ડીસેમ્બરમાં ૨૦૮૯ મળી કુલ ૨૪૧૨૬ દસ્તાવેજોના રજીસ્ટ્રેશન મહિલાઓના નામે થવા પામેલ છે.જેમાં રૂા.૫૭,૭૧,૬૬,૯૯૧ નોંધણી ફી માફનો લાભ આ મહિલા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આમ એક જ વર્ષમાં દસ્તાવેજ નોંધણી ફીમાં ૫૭.૭૧ કરોડની રાહત આપવામાં આવી છે. જેના પગલે મહિલા લાભાર્થીઓને મોટો ફાયદો થવા પામેલ છે.

# જંકશન પ્લોટમાં આવેલ બે રેસ્ટોરન્ટ સંચાલકો સામે ગુનો નોંધાયો: કારીગરોની નોંધણી નહોતી કરાવી

રાજકોટ:જંકશન પ્લોટમાં આવેલ બે રેસ્ટોરન્ટ સંચાલકો સામે ગુનો નોંધાયો હતો. કામે રાખેલ પરપ્રાંતીય કારીગરોની નોંધણી ન કરાવી પોલીસને જાણ ન કરતાં એસઓજીની ટીમે કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ એસઓજી પીઆઈ એસ.એમ જાડેજાની રાહબરીમાં ટીમ અલગ અલગ વિસ્તારમાં આવેલ હોટલ, રેસ્ટોરન્ટ સહિતના ધંધાર્થીઓને ત્યાં કામ કરતા કારીગરોની નોંધણી બાબતે તપાસમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ યોગરાજસિંહ ગોહિલ અને સ્ટાફ ગાયકવાડી શેરી નં.૬ જંકશન પ્લોટ મેઈન રોડ પર આવેલ ગુરુકૃપા ચાઈનીઝ એન્ડ પંજાબી રેસ્ટોરન્ટમાં તપાસ કરતા તે રેસ્ટોરન્ટમાં કામ પર રાખેલ પરપ્રાંતિય કારીગરોનું સીટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ એપમાં તેમજ પોલીસ સ્ટેશન ખાતે નોંધણી નહી ખુલતા રેસ્ટોરન્ટના સંચાલક હિતેશ મનહર બખતરીયાપુરી (૪૨), (રહે ગાયકવાડી શેરી નં.૬, જંકશન પ્લોટ મેન રોડ) વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

જ્યારે જંકશન પ્લોટ શેરી નંબર ૧૦/૫ ના ખૂણા પાસે આવેલ સાંઈ ચાઈનીઝ એન્ડ પંજાબી રેસ્ટોરન્ટમાં એસઓજીની ટીમે તપાસ કરતા ત્યાં પણ કામ રાખેલ કારીગરોનું સીટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ એપમાં તેમજ પોલીસ સ્ટેશન ખાતે નોંધણી નહી કર્યાનું ખુલતા રેસ્ટોરન્ટના સંચાલક પ્રકાશ મગનલાલ જેઠાણી (ઉ.વ.૪૨),(રહે. જંકશન પ્લોટ શેરી નં.૯) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ઓનલાઈન જુગાર રમતો વેપારી ઝડપાયો



રાજકોટ:હેમુગઢવી હોલ નજીક WOOD777 આઈડી પર ઓનલાઈન જુગાર રમતો વેપારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી કાર્યવાહી કરી બુકીનુ નામ ખોલાવવા તજવીજ આદરી હતી.દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ અનીલ સોનારા, હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઈ ચાવડા અને કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજાને જયેશ ઉર્ફે જેકી મેથાણી નામનો શખ્સ હાલ ટગોર માર્ગ, હેમુ ગઢવી હોલ વાળી શેરીમાં જાહેરમાં ઉભેલ છે અને પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ, કસીનો તથા અન્ય અલગ-અલગ ગેમ્સમાં જુગારના સોદા થઈ શકે તે માટેની આઈડી રાખી તેમાં જુગાર રમે છે.

તેવી મળેલ સ્ટાફે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પોતાનુ નામ જયેશ ઉર્ફે જેકી જગદીશ મેથાણી (ઉવ.૩૧, ધંધો વેપાર, રહે. દાણાપીઠ, જુનાગઢનો ઉતારો, મોચી બજારની બાજુમાં) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેની પાસે રહેલ મોબાઈલ ફોન ઓપરેટ કરી જોતા મોબાઈલ ફોનની ઓનસ્ક્રીનમાત WOOD777 નામની આઈડી ખુલ્લી જોવામાં આવેલ જેમાં ક્રિકેટ, તીનપતી તેમજ અલગ-અલગ ગેમ્સના ચીત્રો જોવામાં આવેલ જે અંગે પુછપરછ કરતા જણાવેલ કે, આઈડીમાં કસીનોમાં ૨૦/૨૦ તીનપતી ગેમ્સમાં જુગાર રમેલ હોવાનુ હોવાનું જણાવેલ હતું. ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીની ધરપકડ કરી આઈડી આપનાર બુકીનુ નામ ખોલાવવા તજવીજ આદરી હતી.

# ગાંધીનગરમાં Indian Ceramics Asia 2026નું ભવ્ય ઉદ્ઘાટન; કાર્યક્ષમતા, ખર્ચ નિયંત્રણ અને સ્માર્ટ ટેકનોલોજી પર ભાર



(ધર્મેન્દ્ર વ્યાસ દ્વારા) મોરબી:ગાંધીનગર સ્થિત હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે Indian Ceramics Asia 2026ના ૨૦મા એડિશનનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ત્રણ દિવસીય આ આંતરરાષ્ટ્રીય B2B ટ્રેડ ફેરમાં ભારતના સીરામિક ઉદ્યોગની બદલાતી દિશા સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે, જ્યાં હવે ઝડપી વિસ્તરણ કરતાં વધુ ઉત્પાદન કાર્યક્ષમતા, ખર્ચ નિયંત્રણ અને નવી ટેકનોલોજીના વ્યાવહારિક અમલીકરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

મેસે મૂંચેન ઈન્ડિયા અને યુનિફેર એક્ઝિબિશન્સ સર્વિસ કો. લિ. દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ પ્રદર્શનમાં ૩૦૦થી વધુ અગ્રણી દેશી-વિદેશી બ્રાન્ડ્સ ભાગ લઈ રહી છે. પ્રદર્શનમાં સીરામિક રો મટીરીઅલ્સ, આધુનિક મશીનરી, પ્રોસેસિંગ ઈક્વિપમેન્ટ તથા અદ્યતન ટેકનોલોજીઓ રજૂ કરવામાં આવી છે. હાલ ઉદ્યોગમાં ઊર્જા ખર્ચ ઘટાડવો, ઉત્પાદન સ્થિરતા જાળવવી અને ગુણવત્તામાં સતત સુધારો લાવવો મુખ્ય ચર્ચાનો વિષય બન્યો છે. આ ટ્રેડ ફેરમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારી પણ નોંધપાત્ર રહી છે. બેલ્જિયમ, બલ્ગેરિયા, ચીન, જર્મની, ઈટાલી, જાપાન, પોર્ટુગલ અને સ્લોવેનિયા સહિત કુલ આઠ દેશોના પ્રદર્શકો હાજર છે. ખાસ કરીને જર્મની અને ઈટાલી દ્વારા રજૂ કરાયેલા પેવિલિયન્સ યુરોપિયન ટેકનોલોજી સપ્લાયર્સનો ભારતીય બજાર પ્રત્યેનો વધતો વિશ્વાસ દર્શાવે છે.

મેસે મૂંચેન IMEA ના પ્રેસિડેન્ટ તથા મેસે મૂંચેન ઈન્ડિયાના CEO ભૂપિંદર સિંહે જણાવ્યું હતું કે, "સીરામિક ઉદ્યોગ હવે વધુ શિસ્તબદ્ધ ખરીદીના તબક્કામાં પ્રવેશી ગયો છે. ઉત્પાદકો એવી ટેકનોલોજી અપનાવવા માંગે છે જે ઊર્જા ખર્ચ અને ઉત્પાદન કાર્યક્ષમતા પર સ્પષ્ટ અને માપી શકાય તેવો લાભ આપે."

મોરબી સીરામિક એસોસિએશન (વોલ ટાઈલ્સ ડિવિઝન) ના પ્રેસિડેન્ટ હરેશભાઈ રામજીભાઈ બોપલિયાએ કહ્યું હતું કે,"મોરબીની MSME યુનિટ્સ માટે ઉત્પાદન ખર્ચ ઘટાડવો અને નાણાકીય જોખમ વગર સ્થિરતા લાવવી સૌથી મોટો પડકાર છે. Indian Ceramics Asia 2026 જેવી પ્રદર્શનો phased-upgrade માટે ઉપયોગી ટેકનોલોજીઓ રજૂ કરે છે, જે ROI આધારિત અને સાવચેત રોકાણ માટે માર્ગદર્શન પૂરું પાડે છે."

૨૦૨૬ એડિશનની વિશેષતા તરીકે "Innovation Exchange Froum" ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, જે "Ceramics fro Tomrorow: Sustainable, Smart and Advanced" થીમ પર આધારિત છે. આ ફોરમ હેઠળ ઊર્જા વ્યવસ્થાપન, રો મટીરીઅલ્સ ઑપ્ટિમાઈઝેશન, ડિજિટલાઈઝેશન, વિકલ્પ ઈંધણ અને પર્યાવરણીય નિયમન જેવા મહત્વપૂર્ણ વિષયો પર સેમિનારો યોજાઈ રહ્યા છે.

આ ઉપરાંત "Live Demonstration Area" પણ ખાસ ધ્યાન ખેંચી રહ્યો છે, જ્યાં મશીનરી અને પ્રોસેસિંગ ટેકનોલોજી વાસ્તવિક ઓપરેટિંગ પરિસ્થિતિમાં રજૂ કરવામાં આવી છે. આથી ખરીદદારોને મશીનરીની કાર્યક્ષમતા અને પોતાની યુનિટ માટેની યોગ્યતા સમજવામાં સરળતા મળી રહી છે.

મેસે મૂંચેનના ગ્લોબલ ઈન્ડસ્ટ્રી લીડ શ્રી રોબર્ટ શોનબર્ગરે જણાવ્યું હતું કે, "હાલના પડકારો છતાં ભારતીય સીરામિક ઉદ્યોગ વૈશ્વિક સપ્લાયર્સ માટે આકર્ષક છે. હવે મુખ્ય ફોકસ ઓટોમેશન, ડિજિટલ પ્રોસેસ કંટ્રોલ અને ઊર્જા ઑપ્ટિમાઈઝેશન પર જોવા મળે છે, જે ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય ધોરણો નજીક લઈ જાય છે."

યુનિફેર એક્ઝિબિશન્સ સર્વિસ કો. લિ. ના જનરલ મેનેજર શ્રી કેન વોંગે જણાવ્યું હતું કે, "ભારતીય કંપનીઓ હવે માત્ર સોર્સિંગ નહીં, પરંતુ લાઈફસાયકલ ખર્ચ, પ્રક્રિયા સ્થિરતા અને લાંબા ગાળાના વળતર પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. Innovation Exchange Froum અને Live Demo Area જેવા પ્લેટફોર્મ્સ ખાસ કરીને મધ્યમ કદના ઉત્પાદકો માટે જાણકારીપૂર્વક રોકાણના નિર્ણય લેવામાં મદદરૂપ બની રહ્યા છે."


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ પ્રકારના કરાર માટે ઈ-હરાજી સૂચના**

**ટેન્ડર સૂચના સંખ્યા RJT-ADVT-25-09 તારીખ: 28.01.2026**

રાજકોટ મંડળ માટે નીચેની શ્રેણીઓ માટે ઈ-હરાજી, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-25-09 | ૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ - ) એપ આધારિત કેબ / બાઈક સેવાઓ<br>૩) (પે અને યુઝ-લાઉન્જ/વેઈટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ)<br>૪) જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)<br>૫) જાહેરાત - આઉટ ઓફ હોમ | વિવિધ-સ્ટેટિક - સેવાઓ જાહેરાત | 03/05 વર્ષ |
| PARKING-RJT BKNG-MX-21-25-1 | ૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ- મિશ્ર) | પાર્કિંગ-મિશ્ર | 03 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** 19.02.2026 ના 10:00 કલાકે

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો WWW.IREPS.GOV.IN (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલ્વે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલ હેઠળ ઉપલબ્ધ છે. RJT 192

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)